ધાનેરામાં ઇન્દ્રા આવાસ-સરદાર આવાસ યોજનાનાં

મકાન-શૌચાલય સરકારે જ તોડી પાડ્યા

વર્ષો જુના ઘર તૂટતા અનેક પરિવારો ચોમાસા પહેલાં જ બેઘર બન્યા છે : ગૌચરની જમીનમાં સરકારી બાબુઓએ કેવી રીતે પાસ કર્યા : સો મણનો સવાલ

ધાનેરા તાલુકાના કોટડા ધાખા ગામે બે દિવસ દરમિયાન ગુજરાત હાઈકોર્ટના આદેશ પ્રમાણે પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દૂર કરાયા હતા જે

દબાણમાં મજૂરી પર નિર્ભર ગરીબ પરિવારોના મકાનો પણ નિયમો અનુસાર તોડી પાડવામાં આવ્યા હતા જેથી સૂકા ભેગું લીલું બળે એનો ઘાટ ઘડાતો ચોમાસા પહેલા જ કેટલાક પરિવારે પોતાના ઘરની છત ગુમાવી છે છે ધાનેરા તાલુકા વિકાસ અધિકારીએ તલાટી ની ટીમ સાથે પોલીસ બંદોબસ્ત રાખી આ દબાણ દૂર કર્યા હતા ગૌચર જમીન ગેરકાયદેસર રીતે મકાન હોવાના કારણે આ દબાણ દૂર કરવામાં આવ્યા હતા ગૌચર જમીન તેમજ સરકારી પડતર જમીન પર સરકારનો હક હોય છે સાથે સ્થાનિક ગ્રામ પંચાયતમાં પણ આ જમીન પર હક હોય છે પરંતુ જે મકાન તોડવામાં આવ્યા એમાંથી કેટલાક મકાનો સરકારી યોજના મંજૂર કરવામાં આવ્યા હતા સરકારની ઈન્દ્રા આવાસ યોજનામાં મકાન આપવામાં આવ્યું હતું અને પંચાયતમાં સમયસર વેરો પણ ભરપાઈ કરતા હતા જેમાં ઘરવેરો પાણીવેરો લાઇટ વેરો સફાઇ વેરો ભરપાઈ કરતા હતા.

સૌથી મહત્વની વાત એ છે કે જ્યારે ઈન્દ્રા આવાસ યોજના ની સહાય માટે અરજી કરી તે સમય અરજીમાં મકાનની આકારણી રેશનકાર્ડ ચૂંટણીકાર્ડ તલાટીનો દાખલો આ પ્રકારના તમામ જરૂરી દસ્તાવેજો આપી કાયદેસર મકાનની સહાય મેળવી હશે જેમાં ત્રણ અલગ-અલગ હપ્તામાં મકાન બનાવવા માટે સરકાર તરફથી રકમ મળી જશે તો શું તેમની જમીન ગૌચર માં હતી તેના પાસે પુરાવા ક્યાંથી આવ્યા તે સમયમાં તલાટી કે તાલુકા

પંચાયતના અધિકારીઓ કર્મચારીઓએ દસ્તાવેજ નહીં જોયા હોય આવા અનેક સવાલ આ દબાણ દૂર થતાં સામે આવ્યા છે.

પાલનપુર તાલુકાની ૨૪૨ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ટેબલેટ વિતરણ કરાયું

પાલનપુર તાલુકાની ૨૪૨ સરકારી તેમજ ગ્રાન્ટેડ શાળાઓમાં શૈક્ષણિક વહીવટીકાર્ય સુગમતાથી થાય તે ઉદ્દેશ્યથી સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા ટેબ્લેટ આચાર્યોને સી.આર.સી. કો.ઓ મારફત બી.આર.સી.કો.ઓ પાલનપુર આનંદભાઈ મોદીના હસ્તે આપવામાં આવ્યા હતા તેમજ કેનેડાના દાતા દ્વારા ભગવદ્‌ગીતાનું પણ સાથે સાથે વિતરણ કરવામાં આવ્યું હતું. સી.આર.સી.કો.ઓ રહીમખાન પઠાણ સહિત શાળાઓના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી એસપીએ ચાર પોલીસ કોન્સ્ટેબલની જિલ્લા બહાર બદલી કરતા પોલીસબેડામાં ખળભળાટ

ચાર પોલીસકર્મીની મહેસાણા ખાતે હાજર થવા આદેશ

અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલ દ્વારા સતત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની જીલ્લામાં અરસ-પરસ બદલીનો ગંજીફો છીપી રહ્યા છે. લોકડાઉન અનલોક બાદ જીલ્લામાં ફરજ બજાવતા ૪ પોલીસ કર્મચારીઓની જીલ્લા ફેર બદલી કરી મહેસાણા મોકલી આપવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જીલ્લામા અનેક પોલીસકર્મીઓ અમુક ખાતામાં અને પોલીસ સ્ટેશનમાં વર્ષોથી એકને એક જગ્યાએ ફરજ બજાવી રહ્યા હોવાથી તેમનો દબદબો જોવા મળી રહ્યો છે ત્યારે જીલ્લા પોલીસતંત્રમાં દબદબો ધરાવતા ૪ પોલીસ કર્મિઓની જિલ્લા ફેર બદલી કરી દેવામાં આવતાં કહી ખુશી કહી ગમ જોવા મળ્યો હતો પરંતુ અમુક મહત્વની શાખાઓમાં વર્ષો વર્ષથી એકજ જગ્યાએ ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલી કરવામાં ન આવતા ચર્ચાનો વિષય બન્યો છે.

અરવલ્લી જીલ્લા એસપી મયુર પાટીલે જીલ્લામાં ફરજ બજાવતા કીર્તિકુમાર અળખાજી, નાનજીભાઈ સવજીભાઈ, રાજેન્દ્રકુમાર સવજીભાઈ અને વીરભદ્રસિંહ પદમસિંહ નામના પોલીસકર્મીઓની જાહેરહિતમાં જીલ્લા બહાર મહેસાણા ખાતે બદલી કરવામાં આવતાં પોલીસબેડામાં દબદબો ધરાવતા પોલીસકર્મીઓના પેટમાં તેલ રેડાયું છે. અરવલ્લી પોલીસતંત્રમાં છેલ્લા કેટલાક વર્ષોથી અમુક પોલીસ કર્મીઓ અણનમ ગણાતા હતા તેમની ગમે તે કારણે બદલી થતી નહોતી અને જો બદલી થાય તો પણ પ્રતિનિયુક્તિ ઉપર કે અન્ય રીતે તેઓ પરત આ જ શાખામાં આવી જતા હોવાથી પોલીસકર્મીઓમાં જેને લઈ છૂપો રોષ જોવા મળી રહ્યો હતો. ત્યારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં ચાર્જ સાંભળતાની સાથે પોલિસકર્મીઓની બદલીઓનો સતત ગંજીફો છીપી વર્ષોથી એક જ પોલીસ સ્ટેશન કે શખામાં ફરજ બજાવતા કર્મીઓની બદલીઓ કરવાની શરુ કરતા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર જોવા મળી રહ્યો છે.

મોડાસા જાયન્ટ્સ ગ્રુપે ડોક્ટર દેના દિવસે કોરોના વોરિયર્સનું સન્માન

કોરોના મહામારીએ સમગ્ર વિશ્વમાં કહેર મચાવ્યો છે, કોરોનાગ્રસ્ત દર્દીઓ સાથે દુર્વ્યવહાર થતો હોવાની અનેક ઘટનાઓ બની રહી છે, લોકો કોરોના પોઝેટીવ દર્દીના પરિવાર સાથે પણ અંતર જાળવતા હોય છે ત્યારે કોરોના પોઝેટીવ અને તેમના સંપર્કમા આવેલા પરિવારજનો અને લોકોની પોતાના પરિવારની ચિંતા કર્યા વગર તબીબો અને આરોગ્ય કર્મીઓ ફરજ બજાવી રહ્યા છે. મોડાસા શહેરમાં કોરોના દર્દીઓ સતત વધી રહ્યા છે જેમને મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે. મોડાસા શહેરમાં ડૉક્ટર ડેના દિવસે કોવીડ હોસ્પિટલના ઈન્ચાર્જ તબીબ ડૉ.યજ્ઞેશ નાયક સહીત કોરોનામાં લોકોની મદદ કરી રહેલા કોરોના વોરિયર્સનું જાયન્ટ્સ મોડાસા ગ્રુપ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી પોલીસનું નાક વાઢ્યું

વેણપુર નજીક ટ્રકમાંથી ૪.૯૪ લાખનો દારૂ સાથે બે શખ્સોને દબોચ્યા

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ રાજ્યમાં ઠાલવવામાં આવી રહ્યો છે. બુટલેગરો વિદેશી દારૂની માંગને પહોંચી વળવા નિતનવા નુસ્ખા

અપનાવી રહ્યા છે. જીલ્લા એલસીબી પોલીસે શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા વેણપુર ગામની સીમમાંથી રાજસ્થાન તરફથી આવતી ટ્રકમાંથી ૪.૯૪ લાખના વિદેશી દારૂ સાથે બે શખ્સોને ઝડપી પાડી શામળાજી પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા કર્યા છે. એલસીબી પોલીસે બંને શખ્સોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે શામળાજી પોલીસને ઉંઘતી રાખી વેણપુર ગામ નજીકથી લાખ્ખો રૂપિયાના દારૂ સાથે બે શખ્સોને દબોચી લીધા હતા. જીલ્લા એલસીબી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલ વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા શંકાસ્પદ ટ્રક (ગાડી.નં-એચઆર-૩૮-ક્યૂ-૯૯૮૦)ને અટકાવી ટ્રકમાં તલાસી લેતા ભૂંસાની આડમાં સંતાડીને રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૧૨૩૬ કિં.રૂ. ૪૯૪૪૦૦ જપ્ત કરી ટ્રક ડ્રાઈવર અસલીમ કાસમ મેવું તથા શોકીન જહરુદ્દીન મેવુ (બંને રહે. હરિયાણા)ની ધરપકડ કરી વીદેશી દારૂ, ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ.૧૪૯૬૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર ફરિદાબાદના ખાલિદ નામના બુટલેગર વિરુદ્ધ શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાવી આગળની તપાસ શામળાજી પોલીસને સુપ્રત કરી હતી.

પ્રાંતિજ ખાતે ડૉક્ટર ડે ના રોજ કોરોના વોરીયર્સ ડૉક્ટરોનું તથા સ્ટાફનું સન્માન કરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ડૉક્ટર ડે દિવસને લઈને પ્રાંતિજ તાલુકા હેલ્થ કચેરી ખાતે જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ અને મંગલોદય સેવા પ્રતિષ્ઠાન દ્વારા પ્રાંતિજના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ડૉક્ટરો કોરોના વોરીયર્સોનું સન્માન કરવામાં આવ્યું હતુ.

મોડાસા-ડુઘરવાડામાં ત્રણ દિવસમાં પાંચ વ્યક્તિ, ૧૦ પશુઓને બચકાં ભરી આતંક મચાવનારા બે કપિરાજ આખરે પાંજરે પુરાયા

મોડાસા, તા. ૨

મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી વાનર ટોળકીએ ભારે ઉત્પાત મચાવતાં ગામમાં આતંક મચાવી દીધો હતો. આ ટોળકીમાં રહેલ બે વાનરોને હડકવાની અસર થઇ હોય તેમ બે દિવસમાં ૫ લોકોને અને ૧૦થી વધુ

પશુઓને બચકા ભરતા અને ગામમાં અડિંગો જમાવનાર વાનર ટોળકી જતા આવતા લોકો ઉપર હુમલા કરતી હોવાથી અને તેમને પાડી દેતી હતી જેના કારણે કેટલાક લોકોને નાની મોટી ઇજા થઇ હતી. કપિરાજનો આતંક વધી જતા ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી. વનવિભાગ ટીમે અને દયા ફાઉન્ડેશનની મદદથી બંને કપિરાજને ઝડપી પાડવા ગામમાં પાંજરા મુકતા હુમલાખોર વાંદરા તેમાં કેદ થઈ જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામે કપીરાજોએ આતંક મચાવ્યો હતો. કપીરાજે છેલ્લા ત્રણ દિવસમાં ૫ વ્યક્તિઓને બચકા ભરીને ઘાયલ કર્યો હતા. જેના કારણે ગામમાં ભયનો માહોલ છવાયો હતો. અંતે કપીરાજને વનવિભાગ દ્વારા રેસક્યુ કરીને પાંજરે પુરવામાં આવ્યો હતો. ડુઘરવાડા ગામમાં મુખ્ય રસ્તાઓ ઉપર પસાર થતા ગ્રામજનોને બે જેટલા વિફરેલો વાનર બચકા ભરતો હતો. જેથી ગ્રામજનોએ આ બનાવ અંગે મોડાસા વન વિભાગને જાણ કરી હતી. આથી વનવિભાગે ગામમાં પાંજરૂ મુકવામાં આવ્યુ હતુ. બે દિવસની મહેનત બાદ આજરોજ બે કપીરાજ પાંજરે પુરવામાં સફળતા મળી હતી.

આ અંગે વનવિભાગના અધિકારીઓએ જણાવ્યુ હતુ કે આ કપિરાજને અરવલ્લીના જંગલોમાં છોડી મુકવામાં આવશે. પાંજરે પુરોયેલા કપીરાજને જોવા માટે ગ્રામજનોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. જ્યારે કપીરાજ પાંજરે પુરાયો તેવા સમાચાર આસપાસના વિસ્તારમાં પ્રસરતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

બાયડની સારસ્વત હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓની એક વર્ષની ફી માફ કરી

ફી માફ કરતી તાલુકાની પ્રથમ સ્કૂલ બની

સમીર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બાયડ તાલુકાની એકમાત્ર લઘુમતી શાળા એવી સારસ્વત હાઈસ્કૂલના ટ્રસ્ટી મંડળની

મીટીંગમાં હાલની કોવિડ-૧૯ની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ લેવાયેલ નિર્ણય બાદ મેનેજીંગ ટ્રસ્ટી સમીરભાઈ દસુ બેગ મિર્ઝાએ વર્ષ ૨૦૨૦-૨૧ની શાળાના તમામ વિદ્યાર્થીઓની શૈક્ષણિકથી માફ કરવા એટલે કે નહિ લેવાનો નિર્ણય જાહેર કર્યો હતો અને કોરોના વોરિયર્સની જાહેરાત કરી સરકારશ્રીને સમર્થન આપ્યુ હતુ. ટ્રસ્ટીઓ અને મેનેજિંગ ટ્રસ્ટીના આ ઉમદા નિર્ણયને શાળા પરિવાર તથા વાલીઓએ અને વિદ્યાર્થીઓએ ઉમળકાભેર સ્વીકાર કર્યો અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. ગ્રામ્ય વિસ્તારના વાલીઓ આનંદની લાગણીનુ મોજુ ફરી વળ્યું હતું.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનનો ૬૭.૯૭ લાખનો દારૂ નાશ કરાયો

ખેડબ્રહ્મા પોલીસ દ્વારા વર્ષ ૨૦૧૬થી ૧૫ જૂન દરમ્યાન પકડવામાં આવેલ દારૂ બુધવારે નાશ કરવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી દ્વારા ૨૯ જૂનના રોજ દારૂ નાશ કરવાનો ઓર્ડર કરવામાં આવત બુધવારે પોલીસે વર્ષ ૨૦૧૬થી ૧૫ જૂન ૨૦૨૦ દરમ્યાન ૧૪૨ ગુન્હામાં પકડેલ ૩૮૨૮૬ બોટલ કિંમત રૂ ૬૭૯૭૯૦૯નો બહેડિયા ગામની સીમમાં રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. દારૂ નાશ કરવા પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

પ્રાંતિજના વદરાડ ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-૨ના આચાર્યને સસ્પેન્ડ કરાયા

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-બે ના મહિલા આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા. એસએમસી અધ્યક્ષ દ્વારા વિરોધ કર્યો છે અને અમારી આઇટીઆઇનો જવાબ નહી આપવા આખરે આ પગલું ભર્યું છે તેવો એસએમસી અધ્યક્ષે આક્ષેપ કર્યો હતો.

પ્રાંતિજના વદરાડ ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-બે માં ફરજ બજાવતા મુખ્ય શિક્ષિકા શ્રીમતી કપિલાબેન નારણભાઈ પટેલ દ્વારા આરટીએકટ કલમ ૨૦૦૯ની ૧૬, ૨૧નો ભંગ કરવાને લઈને આજે જિલ્લા શિક્ષણાધિકારી નીતાબેન ગઢવી દ્વારા શાળાના આચાર્ય શિક્ષિકાબેનને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ અંગે શાળાના એસએમસી અધ્યક્ષ હરેશભાઈ પટેલનું કહેવું છે કે અમે એસએમસી દ્વારા ઠરાવ સહિઓ કરી હોવા છતાં અમારી કોઇ કામના હોય તો અમારી સહિઓ શુ કામ લેવામાં આવે છે અને અમને કહેવામાં આવે છે કે એસએમસી દ્વારા સહિઓ કરીને મંજુરી માંગ કરી છે અને અમે જો માગ કરી હોય તો અમારી

સહિઓ કરેલ કાગળ અમને આપે અને ખોટી રીતે એનજીઓના નામે ગામમાં માણસ મોકલે છે અને ખોટી રીતે હેરાન કરવામાં આવે છે. ત્યારે હાલ તો અધ્યક્ષ દ્વારા આઇટીઆઇ દ્વારા નકલની માંગ પણ કરી છે. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નીતાબેન ગઢવીનો ટેલીફોનીક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે આરટીએકટ કલમ-૧૬, ૨૧ ના ભંગ કરવાને લઈને આચાર્ય બહેનને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને આવતીકાલે એક કમીટીની રચના કરવામાં આવશે. ત્યારે હાલ તો જે હોય તે પણ શાળાના મુખ્ય શિક્ષિકાબેન કપિલાબેન નારણભાઈ પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેવોને તાત્કાલિક પોશીના તાલુકા પંચાયતમાં મુકવામાં માટે સાબરકાંઠા ડીપીઓ નીતાબેન ગઢવી દ્વારા હુકમ કરવામાં આવ્યો છે અને શાળાના અધ્યક્ષ દ્વારા આઇટીઆઇ દ્વારા માંગેલ સહિવાળા કાગળની પણ કેટલી ખરાઈ થશે તે તો આવનારા દિવસોમાં ખબર પડશે.

નરોડાના ભગતે અન્ય શખ્સ સાથે મળી

મોડાસાના બે યુવકોને ઓએનજીસીમાં નોકરીની લાલચ આપી ૧૭ લાખ ખંખેરી લીધા

મોડાસા, તા. ૨

ઓ.એન.જી.સી.માં ઉંચા પગારની નોકરી મેળવવાની ઘેલછામાં અનેક યુવકોએ છેતરપિંડી કરતી ગેંગના સંપર્કમાં આવી લાખ્ખો રૂપિયા ગુમાવ્યા હોવાના કિસ્સાઓ અનેકવાર બન્યા છે તેમ છતાં 'લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે' જેવી કહેવતને સાર્થક કરતો કિસ્સો મોડાસામાં બન્યો છે. જેમાં બાયડ બળિયાદેવના અને વર્ષોથી અમદાવાદન નરોડા વિસ્તારમાં રહેતા ભગત તરીકે જાણીતા શખ્સે અન્ય શખ્સ સાથે મળી મોડાસાની મોડાસાની રામપાર્ક સોસાયટીમાં રહેતા અને તેમના મિત્રના પુત્રને ઓ.એન.જી.સી.માં નોકરી આપવાની લાલચ આપી ૧૭ લાખ રૂપિયા પડાવી લઈ પરત નહિ આપતા રૂપિયા પણ ગયા અને નોકરી પણ નહિ મળતાં આબાદ છેતરપિંડીનો ભોગ બનેલ નિવૃત કર્મચારીએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં બે શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

મોડાસા શહેરની રામપાર્ક સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન ગુજારતા નારાયણભાઈ શીવાભાઈ ચૌહાણને તેમના વેવાઇના લીધે સંપર્કમાં આવેલા ભગત તરીકે જાણીતા બાયડ બળિયાદેવના અને નરોડાની વ્યાસવાડી સામે રહેતા રાજુભાઈ ડાહ્યાભાઈ પારેખે પ્રશાંત ભાઈ નામના શખ્સ સાથે મળી તેમના પુત્રને ઓએનજીસીમાં ઉંચા પગારની નોકરી અપાવવાની લાલચ આપતાં વિશ્વાસમાં આવી ગયેલા નારાયણભાઈએ તેમના મિત્ર મુકેશભાઈ મગનભાઈ પ્રજાપતિને તેમના પુત્રને પણ ઓએનજીસીમાં નોકરી અંગે વાત કરી હતી ત્યારબાદ નારાયણભાઈ શીવાભાઈ ચૌહાણે તેમના પુત્ર માટે ૯ લાખ રૂપિયા અને મુકેશભાઈ મગનભાઈ પ્રજાપતિએ તેમના પુત્રની નોકરી માટે ૮ લાખ રૂપિયા દોઢ વર્ષ અગાઉ રાજુભાઈ ડાહ્યાભાઈ પારેખ અને પ્રશાંતભાઈ નામના શખ્સને આપ્યા હતા. ૧૭ લાખ રૂપિયા પડાવી લીધા બાદ બંને શખ્સો ઓએનજીસીમાં બંને યુવકોને નોકરી ક્યારે મળશે તે અંગે વારંવાર ગલ્લાં તલ્લાં કરતાં અને રૂપિયા પણ પરત ન આપતા બંને પરિવારના મોભીઓ તેમનાં પુત્રોને ઓએનજીસીમાં નોકરી અપાવવા જતા આબાદ છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થતા આખરે બંને શખ્સોને પાઠ ભણાવવા પોલીસીનું શરણ લીધું હતું.

મોડાસા ટાઉન પોલીસે નારાયણભાઈ શીવાભાઈ ચૌહાણ (રહે, રામપાર્ક સોસાયટી, મોડાસા)ની ફરિયાદના આધારે રાજુભાઈ ડાહ્યાભાઈ પારેખ (રહે, મૂળ બળીયાદેવ, બાયડ, હાલ રહે, ડાહ્યાભાઈ પાર્ક, વ્યાસવાડીની સામે, નરોડા-અમદાવાદ) અને પ્રશાંત ભાઈ નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.